# પ્રકરણ ૧૭

# તેજલ અમદાવાદમાં

B7N2T4

હું મહિના પહેલાં માતાના ઈલાજ માટે અમદાવાદ આવી હતી. મારી માતાને હૉસ્પિટલમાં દાખલ કરી હતી.

## અમદાવાદ - મોટું શહેર

ધીમે ધીમે હું શહેરીજીવનને અનુકૂળ થવા લાગી છું. મને હજી પણ યાદ છે તે દિવસ જ્યારે હું અને મારી માતા અમદાવાદ સ્ટેશન પર ટ્રેનમાંથી ઊતર્યાં ત્યારે કેટલી ભીડ હતી ! મેં ઝડપથી મારી માતાનો હાથ પકડી લીધો.




હું વિચારતી હતી કે આટલી ભીડમાં મામા અમને કેવી રીતે શોધશે. તરત જ પાછળથી મેં મોટેથી બોલવાનો અવાજ સાંભળ્યો, 'તેજલ, તેજલ'. મેં પાછળ ફરીને જોયું તો તે મામા હતા.

જેવું અમે સ્ટેશન છોડ્યું તરત અમે મામાના ઘર તરફ જવાના રસ્તા

**શિક્ષક માટે :** માતાના ભાઈને ગુજરાતીમાં મામા કહેવાય છે. બાળકોને પૂછો તેઓ તેમના કુટુંબમાં માતાના ભાઈને શું કહે છે ?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



ઉપર હતા, પરંતુ દરેક જગ્યાએ ભીડ હતી. એક સાંકડી (narrow-નેરો) ગલીમાં હરોળબંધ કેટલી બધી ઝૂંપડીઓ હતી. અમે મામાના ઘર સુધી પહોંચવા તે ગલીમાંથી ગયાં. મામા, મામી અને તેમની બે દીકરીઓ અને એક દીકરો. બધાં એક જ રૂમમાં રહે છે. હું પણ તેમની સાથે અહીં રહું છું. અમે અહીં બેસીએ, સૂઈએ તથા જમવાનું અને કપડાં-વાસણ ધોવાનું બધાં જ કામ એક જ રૂમમાં કરીએ છીએ.

મારા ગામના ઘરમાં પણ એક જ રૂમ છે, પરંતુ અમારે રસોઈ માટે અને નાહવા માટે જુદી જગ્યા છે. અમારે બહારની તરફ આંગણું છે.

## પાણી, પાણી

હું, ઋત્વા અને મામી વહેલી સવારે ૪:૦૦ વાગ્યે ઊઠીને સામૂહિક નળ પર પાણી ભરવા જઈએ છીએ. બાપ રે ! ત્યાં પાણી માટે કેટલા ઝઘડા થાય છે. જો અમે થોડાં મોડાં પડીએ, તો અમે આખા દિવસનું પાણી ભરી શકીએ નહિ. અમારા ગામના ઘરમાં પણ નળ નથી. ગામડામાં તળાવમાં પાણી હોય છે. ત્યાં જવા માટે વીસ મિનિટ લાગે છે. ઉનાળામાં, ઘણી વખત તળાવમાં પાણી સુકાઈ જાય છે, પછી અમારે લગભગ એક કલાક સુધી ચાલીને નદીએ પાણી ભરવા જવું પડતું,

**શિક્ષક માટે :** માતાના ભાઈની પત્નીને મામી કહેવાય છે. બાળકોને પૂછો તેમના કુટુંબમાં તેઓ તેમને શું કહે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



પરંતુ ગામમાં પાણી માટે ઝઘડા થતા નથી.

ગલીમાં જ્યાં મામા રહે છે ત્યાં એક છેડે શૌચાલય છે. ગલીના લોકો તે શૌચાલયનો ઉપયોગ કરે છે. તે હંમેશાં ખૂબ જ ગંદું હોય છે અને ત્યાં દુર્ગંધ આવે છે. પહેલીવાર તો મને તેનાથી ઊલટી જેવું થતું. ત્યાં પાણી પણ હોતું નથી. અમારે સાથે પાણી લઈને જવું પડતું. હવે, હું આ બધાથી ટેવાઈ ગઈ છું. મારા ગામમાં કેટલાંક લોકો ખુલ્લી જગ્યામાં કે ખેતરમાં શૌચ માટે જાય છે. પુરુષો અને સ્ત્રીઓ અલગ-અલગ જગ્યાએ જાય છે.

**લખો :**

- તેજલને તેની માતાને લઈ ગામથી અમદાવાદ કેમ આવવું પડ્યું હતું ?

- તેજલને તેના મામાના ઘરે શૌચાલયનો ઉપયોગ કરતાં કેમ ઊલટી જેવું થયું હતું ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તેજલનું ઘર અને મામાનું ઘર કઈ રીતે જુદું પડે છે ?

- તેજલને સામૂહિક નળથી પાણી ભરવામાં અને ગામડે પાણી ભરવામાં શું તફાવત લાગે છે ?

- તેજલના મામા રહે છે ત્યાં વીજળી હશે ? તમે કેવી રીતે જાણ્યું ?

## શીખી લીધું



દરરોજ મારે મારી માતાને મળવા બસમાં જવું પડે છે. પહેલીવાર, મને આવી ભીડવાળી બસમાં જતાં બીક (afraid -અફ્રેડ) લાગતી. મને તેની આદત ન હતી. હું ડરતી હતી પણ હવે એવું નથી. મને ખબર છે લાઈનમાં કેવી રીતે ઊભું રહેવું, ટિકિટ માટે કેટલા પૈસા આપવા, ક્યાં ઊતરવું.

અમે જયાં રહીએ છીએ ત્યાં નજીકમાં ઊંચાં મકાનો છે. મારાં મામી ત્યાં સાત ઘરની સફાઈ અને વાસણ ધોવાનું કામ કરે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એક દિવસ હું તેમની સાથે ત્યાં ગઈ હતી. જ્યારે પહેલીવાર મકાન જોયું, મને થયું કે તે એક મોટું ઘર હતું; પરંતુ મેં જોયું ત્યાં ઘણાંબધાં ઘરો એકની ઉપર એક એમ હતાં. મને આશ્ચર્ય થયું, હું કેવી રીતે આટલી બધી સીડી ચઢીશ, પરંતુ ત્યાં લિફ્ટ (lift) હતી. તે મોટા લોખંડના પાંજરા જેવી હતી. તેમાં પંખો, લાઈટ અને ઘંટડી હતી. અમે કેટલાં બધાં માણસો ગોઠવાઈ ગયાં અને બટન દબાવતાં તે ઉપર પહોંચી ગઈ. સાચે જ હું બહુ ગભરાતી હતી.

K1B3A8



**કહો :**

તમારા કોઈ સગાં-વહાલાં ક્યારેય હૉસ્પિટલમાં દાખલ થયેલ છે ?

- કેટલા દિવસો માટે ?
- તમે તેમની મુલાકાત લીધી હતી ?
- ત્યાં દર્દીની દેખરેખ કોણ-કોણ રાખે છે ?
- તમે ઊંચાં મકાનો જોયાં છે ? ક્યાં ?
- તે મકાનમાં કેટલા માળ છે ?
- તમે કેટલા માળ ચડ્યાં છો ?

## બીજું ઘર



મામી પહેલાં મને હર્ષના ઘરે લઈ ગયાં. તેનું ઘર બારમા માળે હતું. કેટલું મોટું ઘર ! કેટલા બધા રૂમ. એક બેઠકખંડ, એક ભોજનખંડ, એક શયનખંડ અને એક રસોડું. તેમનું શૌચાલય પણ ઘરમાં જ હતું! હર્ષના ઘરને સાફ કરતાં મામીને ખૂબ જ સમય લાગ્યો, પરંતુ તે સરળતાથી કામ કરી શકે છે. રસોડામાં નળ છે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અને તેમાં પાણી આવે છે. હર્ષે નાહવા માટે નળ નીચે પાણી ભરવા ડોલ મૂકી, પછી તે ટીવી જોવા બેઠો. કેટલો બધો પાણીનો બગાડ થયો. મને તે ના ગમ્યું. હું ગઈ અને નળ બંધ કર્યો.

હર્ષના ઘરમાં મોટી કાચની બારીઓ છે. મામીએ મને બારીમાંથી બહાર જોવા કહ્યું. હું મામાની ગલી અને ઘર જોઈ શકતી હતી, પરંતુ કયું ઘર તેમનું છે તે કહી શકતી ન હતી. ત્યાં ઉપરથી દરેક વસ્તુઓ રમકડાં જેવી નાનકડી લાગતી હતી. મને ઊંચાઈએથી જોવામાં ડર લાગતો હતો.



- તેજલ પહેલીવાર અમદાવાદ આવી, ત્યારે તેને કઈ કઈ બાબતોનો ડર લાગતો હતો ?

**શિક્ષક માટે :** આ પાઠ તેજલના મામા જ્યાં રહે છે તે મકાનો અને ઊંચી ઇમારતોના મકાનો વચ્ચેનો તફાવત બતાવે છે. બાળકોને આવા બીજા તફાવતો વિશે વિચારવા પ્રોત્સાહિત કરો અને તેનાં કારણો વિચારવા પ્રોત્સાહિત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- જ્યાં મામા રહેતા હતા તે અને ઊંચી ઈમારતોનાં મકાનો વચ્ચે શું તફાવત હતો ?

| મામા જ્યાં રહે છે તે વિસ્તારનાં મકાનો | ઊંચી ઈમારતોનાં મકાનો |
| --- | --- |
| | |
| | |
| | |
| | |

- આ તફાવત શા માટે છે ? ચર્ચા કરો.

## તમારા વિશે કહો :

- તમે રહો છો તેના જેવા ઘર ઉપર વર્તુળ કરો. તે ઘર કોના જેવું છે.

  તેજલ　　મામા　　હર્ષ　　કોઈ બીજા જેવું

- તમારા ઘરમાં પાણી ક્યાંથી આવે છે ?
- તમારા ઘરમાં વીજળી જોડાણ (connection-ક્નેક્શન) છે ? જો હા, તો દિવસમાં કેટલા કલાક તમારા ઘરમાં વીજળી મળે છે ?
- તમે જ્યાં રહો છો ત્યાં કઈ હૉસ્પિટલ નજીકમાં છે ?
- નીચેની જગ્યાઓ તમારા ઘરથી કેટલી દૂર છે ?

| | ચાલતા સમય (મિનિટ) | અંતર (કિમી) |
| --- | --- | --- |
| બસ-સ્ટૉપ | | |
| શાળા | | |
| બજાર | | |
| પોસ્ટ-ઑફિસ | | |
| હૉસ્પિટલ | | |

- તમારા વિસ્તારના જુદા જુદા પ્રકારનાં મકાનોનાં ચિત્રો તમારી નોટબુકમાં દોરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## એક નવી ચિંતા



મામાએ કહ્યું કે તે મને આખું અમદાવાદ જોવા લઈ જવા માંગે છે. અહીં આસપાસ બાળકો રિવરફ્રન્ટ વિશે ખૂબ જ વાતો કરે છે. તેઓ કહે છે ત્યાં મોટા-મોટા કલાકારો, નેતાઓ અને ખેલાડીઓ પણ આવે છે. જો હું ત્યાં જાઉં અને હું કદાચ તેમને જોઉં તો !

આ દિવસોમાં મામા ખૂબ જ ચિંતામાં છે. હું તેમને મને રિવરફ્રન્ટ લઈ જવા કહી શકું નહિ. છેલ્લા અઠવાડિયે કેટલાંક લોકો નોટિસ લાવ્યા કે ત્યાંના લોકોએ તે જગ્યા છોડી દેવી પડશે.

આ જગ્યા સરકારી હોવાથી ખાલી કરવાની છે. મામા કહે છે કે છેલ્લાં દસ વર્ષમાં આવી ત્રીજી નોટિસ આપવામાં આવી છે. ત્યાં જે લોકો રહે છે, તેમને ઘર માટે બીજા સ્થળે જગ્યા આપવામાં આવશે. પરંતુ તે થોડે દૂર છે. મામાને આટલે દૂરથી કામની જગ્યાએ જવા માટે વધારે સમય અને નાણાં જશે. મામીને બીજા કામની શોધ કરવી પડશે. હું પણ મારી માતાને મળવા કેવી રીતે જઈશ ? હજી સુધી મારી માતા પૂર્ણ રીતે સાજી થઈ નથી.

**શિક્ષક માટે :** તેજલના મામાની જેમ લોકોએ ઘણી વખત પોતાનાં ઘર છોડી બીજે જવું પડે છે. વર્ગમાં તેનાં કારણો વિશે ચર્ચા કરો. આ બદલાવ આખા કુટુંબ પર શું અસર કરે છે તેની ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારી નોટબુકમાં લખો :

- મામાએ તેમનું ઘર કેમ બદલવાનું છે ?
- તમે તમારા ઘરેથી સ્થળાંતર કર્યું છે ? જો હા, તો તમારે સ્થળાંતર કેમ કરવું પડ્યું ?
- શું તમારા કુટુંબમાં સભ્યોએ કામ માટે દૂર જવું પડે છે ? તેઓ ક્યાં જાય છે ? તેમને કેટલે દૂર જવાનું હોય છે ?

## ચર્ચા કરો :

- ત્યાં હૉટલ બનવાની છે તેના કારણે મામા અને બીજાં બધાંએ સ્થળાંતર કરવું પડશે એ સારું છે ?
- તેનાથી કોને ફાયદો થશે ?
- કોને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે ?
- તેજલના મામાની જેમ કોઈ મુશ્કેલી પડી હોય તેવાં લોકોને તમે જાણો છો ? વર્ગમાં તેના વિશે વાત કરો.

**તમારી પસંદગીના ઘરનું ચિત્ર દોરો અને રંગ પૂરો.**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in